# સુરતમાં ખાડી રિ-ડેવલપમેન્ટ માટે 500 કરોડ

**મિટિંગમાં** મુખ્યમંત્રીનો આદેશ-ખાડીનાં ગેરકાયદે દબાણો તોડી પાડો

**પૂર** માટે જવાબદાર અધિકારી-કોન્ટ્રાક્ટરો બચશે નહીં

સુરત : સુરતમાં બુધવારે વરસાદે વિરામ લીધો હતો પણ બે દિવસમાં વરસેલા 18 ઈંચ જેટલા વરસાદના કારણે ઠેરઠેર પાણીનો ભરાવો થતા ભારે તારાજી સર્જાઈ છે. ત્રણ દિવસથી સુરતીઓ પાણી વચ્ચે જીવવા મજબૂર બન્યા છે. આ ગંભીર સ્થિતિની સમીક્ષા કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તાબડતોડ સુરતની મુલાકાતે દોડી આવ્યા હતા.સુરત સર્કિટ હાઉસ ખાતે સીએમની અધ્યક્ષતામાં 2 કલાક સુધી યોજાયેલી મેરેથોન બેઠકમાં ખાડી પ્રોજેક્ટના રિ-ડેવલપમેન્ટ, ઊંડાણ અને ગેરકાયદે દબાણો હટાવવા માટે સરકારે 500 કરોડના વિશેષ પેકેજની જાહેરાત કરી છે. આ ઉપરાંત ખાડીના ગેરકાયદે દબાણો તોડી પાડવાના પણ આદેશો કર્યા છે. ખાડી માટે જરૂર પડે તો વધુ 1500 કરોડ ફાળવવા તૈયારી બતાવી છે. બેઠક દરમિયાન અસરગ્રસ્ત વિસ્તારોના ધારાસભ્યો અને સંસદસભ્યએ તંત્રની પોલ ખોલતા જ મુખ્યમંત્રી અધિકારીઓ પર લાલઘૂમ થઈ ગયા હતા. પ્રજાની હાલાકી સાંભળીને મુખ્યમંત્રીએ અધિકારીઓનો ઉધડો લીધો હતો અને ખાડી વિસ્તારમાં ભરાયેલા પાણીના નિકાલ માટે યુદ્ધના ધોરણે એક્શન પ્લાન બનાવવાની તાકીદ કરી હતી. વિષ્યમાં આવી સ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે સીએમએ કડક શબ્દોમાં આદેશ આપ્યા છે કે, જો ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ કે લેપ્સ સામે આવશે તો જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક શિક્ષાત્મક અને જરૂર પડ્યે ફોજદારી પગલાં લેવામાં કોઈ સંકોચ રાખવામાં આવશે નહીં. આ બેઠક એટલી કડક અને શિસ્તબદ્ધ હતી કે, મિટિંગ હોલમાં પ્રવેશતા પહેલા જ તમામ અધિકારીઓ, મનપા કમિશનર અને નેતાઓના મોબાઈલ ફોન બહાર જમા કરાવી દેવામાં આવ્યા હતા. સકારે ફાળવેલા 500 કરોડનો ઉપયોગ ખાડી પ્રોજેક્ટના રિડેવલપમેન્ટ, ખાડી ઊંડી કરવા તેમજ આસપાસના તમામ ગેરકાયદે બાંધકામ તાત્કાલિક તોડી પાડવા માટે કરાશે. મુખ્યમંત્રીએ મહાનગરપાલિકાને સ્પષ્ટ આદેશ આપ્યા છે કે, ખાડી કિનારાના તમામ દબાણો કોઈપણ રાજકીયવગ વગર તાત્કાલિક દૂર કરવામાં આવે જેથી પાણીનો પ્રવાહ અવરોધાય નહીં.

### અધિકારીઓ પર કડક પગલાં ભરવામાં આવશે: હર્ષ સંઘવી

ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ખાડીના કારણે પાણી ભરાવવાનું ભૂતકાળમાં પણ સામે આવ્યું હતું એ ફરી કેમ આવ્યું? અને આવો ભવિષ્યની અંદર પ્રશ્ન ના ઊભો થાય તે માટે મુખ્યમંત્રીએ મહાનગરપાલિકાને કહ્યું છે કે, તાત્કાલિક એનો પ્લાન કરીને અમલમાં મૂકી આ કામગીરી પૂર્ણ કરવી જોઈએ અને ભવિષ્યમાં કોઈ પ્રશ્ન આવ્યો તો અધિકારીઓ પર કડક પગલાં ભરવામાં આવશે. વધુમાં જણાવ્યું કે, કોઈ પણ રોડ, બીજા કોઈ પણ કામગીરી જેની અંદર નવા કામગીરી થઈ હોય અને જે તૂટ્યા હોય અને એ કામગીરીની અંદર જો કોઈ પણ વિકનેસ હોય તો એની ઉપર પણ પગલાં પણ ભરવામાં આવે અને જરૂર લાગે તો ફોજદારી પગલાં પણ ભરવામાં આવે તેની પણ સૂચના સૌ અધિકારીઓને આપવામાં આવી છે.

### '100 ગેરકાયદે મિલકત માટે 1 લાખ લોકો મુશ્કેલીમાં કેમ?'

મુખ્યમંત્રીએ મ્યુનિસિપલ કમિશનરને કહ્યું કે, ખાડી કિનારે થયેલા તમામ ગેરકાયદે બાંધકામો પર તાત્કાલિક કડક એક્શન લો. માત્ર 100 ગેરકાયદે મિલકતો કે મકાનોના કારણે શહેરના 1 લાખ નિર્દોષ લોકોને પૂરની હાલાકી અને નુકસાન ભોગવવું પડે તે બિલકુલ ચલાવી લેવાશે નહીં. આ પૂરની સમસ્યાના કાયમી નિવારણ માટે સરકાર જરૂરિયાત મુજબ 1500 કરોડ રૂપિયા સુધીનું ફંડ આપવા માટે પણ સંપૂર્ણ તૈયાર છે.

# મહેસાણામાં કેમિકલયુક્ત વરિયાળીનો પર્દાફાશ, ૨૬ ટન જથ્થો જપ્ત કરાયો

**બે** વેપારીઓ સામે કાર્યવાહી, ભેળસેળખોરો સામે સરકારનો કડક સંદેશ

ગાંધીનગર : રાજ્યમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારા તત્વો સામે સરકારે વધુ એક મોટી કાર્યવાહી કરતાં મહેસાણા જિલ્લાના ઊંઝા નજીક આવેલા ઉનાવામાં કેમિકલ કલર ભેળવીને વેચાણ માટે તૈયાર કરવામાં આવેલી આશરે ૨૬ ટન વરિયાળીનો રૂ. 19.60 લાખનો જથ્થો જપ્ત કર્યો છે.

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ફ્લાઈંગ સ્ક્વોડે બે સ્થળોએ દરોડા પાડી ભેળસેળનો પર્દાફાશ કર્યો હતો. કેમિકલયુક્ત અખાદ્ય કલરનો ઉપયોગ કરીને વરિયાળીને વધુ લીલી અને આકર્ષક દેખાડવાનો પ્રયાસ કરવામાં આવતો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ફ્લાઈંગ સ્ક્વોડે ઉનાવા ખાતે મે. ભાર્ગવકુમાર પ્રવીણભાઈ પટેલના ગોડાઉન તેમજ મે. પટેલ રાકેશકુમાર તલસીભાઈની પેઢી પર અચાનક દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે વરિયાળીને વધુ લીલી અને આકર્ષક દેખાડવા માટે તેમાં અખાદ્ય કેમિકલ કલરની ભેળસેળ કરવામાં આવતી હતી.

વધુમાં બંને વેપારીઓ પાસે ખાદ્ય પદાર્થોના ઉત્પાદન માટે જરૂરી ફૂડ સેફ્ટી લાઇસન્સ પણ ન હોવાનું સામે આવ્યું હતું.

તપાસ દરમિયાન ફૂડ સેફ્ટી અધિકારીઓએ ભેળસેળની શંકાના આધારે વરિયાળીના ત્રણ નમૂના લઈને પ્રયોગશાળામાં પરીક્ષણ માટે મોકલી આપ્યા છે. સાથે જ સ્થળ પરથી અંદાજે રૂ. 19.60 લાખની કિંમતનો 26 ટનથી વધુ વરિયાળીનો જથ્થો સીઝ કરીને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે રાજ્યમાં ભેળસેળખોરો સામે **ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી છે.

# રાજ્યમાં નવા ૬ લાખ કરોડના નવા રોકાણનો લક્ષ્યાંક રખાયો

**નવી** 'ડેટા સેન્ટર પોલિસી' જાહેર

**૭.૫ ગીગાવોટ** ક્ષમતા ઊભી કરાશે

ગાંધીનગર : ગુજરાત સરકારે આજે દેશની સૌપ્રથમ અને સૌથી સર્વગ્રાહી 'ગુજરાત ડેટા સેન્ટર પોલિસી-૨૦૨૬' ની જાહેરાત કરીને વૈશ્વિક આઈટી નકશા પર મોખરાનું સ્થાન મેળવવા તરફ મક્કમ કદમ ઉઠાવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગર ખાતે અનાવરિત કરાયેલી આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતને ભારતના અગ્રણી હાઈપરસ્કેલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ડેટા સેન્ટર ડેસ્ટિનેશન તરીકે સ્થાપિત કરવાનો છે.

આ નીતિ હેઠળ રાજ્યમાં ૬ લાખ કરોડનું જંગી મૂડીરોકાણ આકર્ષવાની સાથે ૨૦ વર્ષના ગાળામાં ૭.૫ ગીગાવોટ (GW) ડેટા સેન્ટર ક્ષમતા હાંસલ કરવાનો રોડમેપ તૈયાર કરાયો છે. વૈશ્વિક ક્લાઉડ સર્વિસ પ્રોવાઈડર્સ અને હાઈપરસ્કેલર્સને આકર્ષવા માટે સરકારે કેપિટલ સબસીડી, પાવર ટેરિફમાં રાહત અને ૧૦૦% જીએસટી-સ્ટેમ્પ ડ્યૂટી રિઈમ્બર્સમેન્ટ સહિતના આકર્ષક પ્રોત્સાહનોની વણઝાર જાહેર કરી છે.નવી ડેટા પોલીસ હેઠળ ગુજરાતમાં 6 લાખ કરોડનું રોકાણ આકર્ષવાનો લક્ષ્યાંક છે.

### ધોલેરા માટે ખાસ કેપિટલ સબસીડી

ધોલેરામાં માન્ય ફિક્સ્ડ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ પર ૨.૫% સબસીડી, ૧૦ વર્ષની અંદર દાવો કરી શકાશે. ૧૦ વર્ષની ટર્મ લોન પર વાર્ષિક ૪% સુધીની સબસીડી (મહત્તમ વાર્ષિક મર્યાદા રૂ.૨૫ કરોડ) જમીનની ખરીદી/લીઝ પર ૧૦૦% સ્ટેમ્પ ડ્યૂટી-રજિસ્ટ્રેશન ફી માફી, ૨૦ વર્ષ માટે ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી અને SGSTનું સંપૂર્ણ ૧૦૦% રિઇમ્બર્સમેન્ટ કાર્યકારી ખર્ચ ઘટાડવા માટે ૨૦ વર્ષ સુધી પ્રતિ યુનિટ ૧ ની પાવર ટેરિફ સબસીડી DST ઇન્સેન્ટિવ મેનેજમેન્ટ પોર્ટલ દ્વારા ઝડપી અને પારદર્શી મંજૂરીઓ. પ્રોત્સાહનોનો લાભ લેનારા તમામ પ્રોજેક્ટ્સે ઓછામાં ઓછી ૫૧% વીજળી રીન્યુએબલ એનર્જી (સૌર કે પવન ઊર્જા) માંથી મેળવવી ફરજિયાત

### ડેટા જ આર્થિક વિકાસનો નવો આધાર છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

નીતિ જાહેર કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મક્કમતાપૂર્વક જણાવ્યું હતું કે, આધુનિક યુગમાં ઇનોવેશન અને ટેકનોલોજીના વિકાસનો અસલી પાયો અને આર્થિક વિકાસનો નવો આધાર 'ડેટા' છે. આજે ભારત ડેટા ઉત્પાદનમાં વિશ્વમાં મોખરે છે, ત્યારે કેન્દ્રીય બજેટના ક્લાઉડ અને AI ના વિઝનને ગુજરાત હકીકતમાં બદલશે. સાણંદ અને ધોલેરા ટૂંક સમયમાં સેમિકન્ડક્ટર કેપિટલ બનવા જઈ રહ્યા છે, ત્યારે આ નવી નીતિ દેશના ભવિષ્યને નવી ગતિ આપશે." તેમણે વૈશ્વિક ઉદ્યોગપતિઓને ગુજરાતની આ 'ગ્રોથ સ્ટોરી' માં જોડાવા આહવાન કર્યું હતું.

### રોકાણકારોને ધક્કા નહીં ખાવા પડે : હર્ષ સંઘવી

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રોકાણકારો માટે મોટી જાહેરાત કરતા જણાવ્યું કે, 'ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા માંગતી કંપનીઓએ હવે સરકારી કચેરીઓના ધક્કા નહીં ખાવા પડે. પ્રોજેક્ટના ઝડપી અમલીકરણ માટે સિનિયર આઈએએસ અધિકારીઓની ખાસ નિમણૂક કરાશે જેઓ સીધી જવાબદારી સંભાળશે.' તેમણે ઉમેર્યું કે દેશમાં અગાઉના સેમિકન્ડક્ટર મિશન નિષ્ફળ ગયા હતા, પરંતુ પીએમ મોદીના નેતૃત્વમાં ગુજરાતે માત્ર ૪ મહિનામાં પ્લાન્ટનું કામ શરૂ કરીને ઇતિહાસ રચ્યો છે. ધોલેરામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને સેમી-હાઈસ્પીડ ટ્રેન જેવા પ્રોજેક્ટ્સ ગતિમાં છે અને સરકાર હવે ડેટા સેન્ટર સાથે GCC (Global Capability Centres) ના હેડક્વાર્ટર બનાવવા પર પણ કામ કરી રહી છે. તેમણે ટકોર કરી હતી કે, 'ગુજરાતની વિકાસની આ સુપરફાસ્ટ ટ્રેન જે ચૂકશે તે પસ્તાશે.'

## ડિગ્રી ઈજનેરી પ્રવેશના બીજા રાઉન્ડ માટે 47,360 વિદ્યાર્થીનો મેરિટમાં સમાવેશ

અમદાવાદ: રાજ્યમાં શૈક્ષણિક વર્ષ 2026-27 માટે ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડ પહેલાં એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ (એસીપીસી) દ્વારા મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે. કુલ 47,360 વિદ્યાર્થીની મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે. જ્યારે બીજા રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે. પ્રવેશ સમિતિના જણાવ્યા પ્રમાણે પ્રથમ રાઉન્ડ સુધી કુલ 47,256 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી 45,480 વિદ્યાર્થીને મેરિટમાં સ્થાન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ નવા નોંધાયેલા ઉમેદવારો તેમજ પૂરક પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને સમાવેશ કરીને કુલ 48,968 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. તેમાંથી નવા 1,880 વિદ્યાર્થીને મેરિટ આપવામાં આવતા હવે કુલ 47,360 વિદ્યાર્થીની મેરીટ યાદી જાહેર કરવામાં આવી છે. બીજા રાઉન્ડ પહેલાં નોંધણી ન કરાવનાર વિદ્યાર્થીઓ માટે 5 જુલાઈ સુધી વિશેષ નોંધણીની તક આપવામાં આવી હતી. આ દરમિયાન આશરે 1,711 વિદ્યાર્થીએ નવા રજિસ્ટ્રેશન કરાવ્યા હતા. તમામ નવી અરજીઓ અને પૂરક પરીક્ષાના પરિણામોને ધ્યાનમાં લઈને સુધારેલી મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે.

# સુરતમાં વેપારીઓએ રૂપિયા 1000ની વસ્તુઓ 200માં વેચવા કાઢી

**પૂરના** પાણી ઓસર્યા પછી વેપારીઓની હૃદયદ્રાવક સ્થિતિ

**સસ્તી** વસ્તુ ખરીદવા મહિલાઓની પડાપડી થઇ



સુરત : મેઘરાજાએ વિરામ લીધો છે અને સુરતના ખાડી પૂરના પાણી પણ ઓસર્યા છે, પરંતુ પૂરના પાણી ઓસર્યા પછીની જે તસવીરો સામે આવી રહી છે તે હૃદયદ્રાવક છે. સીમાડા ખાતે આવેલા શ્યામધામ ચોક અને તેની આસપાસની સેંકડો દુકાનો પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. પૂરના પાણી ઉતરતાની સાથે જ વેપારીઓની આંખમાં પણ આંસુનું પૂર ઉમટ્યું છે. એક વેપારી તો વ્યથા વ્યક્ત કરતા કરતા રડી પડ્યા હતા.

હાલ કાપડ, કટલરી, નોવેલ્ટીથી લઈને અનાજના ગોડાઉનોમાં ગંદા પાણી ફરી વળતા વેપારીઓ રોડ પર આવી ગયા છે. વર્ષોની મહેનતથી ઉભું કરેલું સામ્રાજ્ય માત્ર થોડા કલાકોમાં જ બરબાદ થઈ જતાં વેપારીઓમાં ભારે આક્રોશ અને આક્રંદ જોવા મળી રહ્યો છે. વેપારીઓએ તે પલળી ગયેલો માલ સામાન છે તે હવે મફતના ભાવે વેચવાનું શરૂ કર્યું છે. 500 રૂપિયાની વસ્તુ 50માં અને 100 રૂપિયાની વસ્તુ 10 રૂપિયામાં વેચવા કાઢતા મહિલાઓએ ખરીદી કરવા માટે પણ આ પડી કરી મૂકી છે.

મારુતિ ટ્રેડિંગ કંપનીના નામે દુકાન ચલાવતા વેપારી ભાવેશભાઈએ જણાવ્યું કે, સવારના 7 થી 11 વાગ્યાના અરસામાં અચાનક જ પૂરના પાણી આવવાની શરૂઆત થઈ હતી. પાણી એટલી ઝડપે અને તાત્કાલિક આવ્યા કે કોઈને પણ પોતાનો સામાન બચાવવાનો કે સુરક્ષિત સ્થળે ખસેડવાનો મોકો મળ્યો ન હતો. આ અણધારી આફતને કારણે આખા વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા. વેપારીના જણાવ્યા અનુસાર, આ માત્ર કુદરતી આપત્તિ નથી પરંતુ તંત્રની બેદરકારી અને પ્લાનિંગનો અભાવ પણ હોય શકે છે. તેમણે આક્ષેપ કર્યો કે અન્ય વિસ્તારોમાં આટલું પાણી ન હતું, પરંતુ તેમના જ વિસ્તારમાં પૂરના પૂરેપૂરા પાણી ભરાઈ ગયા હતા. પાણી ઉતરતા ઉતરતા પણ સાંજ શિફ્ટના 5 થી 6 વાગ્યાનો સમય થઈ ગયો હતો, જેને કારણે નુકસાનનો વ્યાપ વધી ગયો.

## ખેડૂતોના ડેટા હવે સુરક્ષિત, સંમતિ વિના માહિતીનો ઉપયોગ નહીં થાય

ગાંધીનગર: ખેડૂતોની વ્યક્તિગત અને નાણાકીય માહિતીના સુરક્ષિત સંચાલન માટે રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગે 'વિભાગીય ડેટા સમિતિ (DDC)'ની રચના કરી છે, જેના કારણે ખેડૂતોનો ડેટા હવે વધુ સુરક્ષિત રહેશે. સાથે જ સબસિડી, પાક વીમો, કુદરતી આપત્તિ રાહત અને અન્ય સરકારી સહાયનું વિતરણ વધુ ઝડપી, પારદર્શક અને ચોકસાઈપૂર્વક થશે તેમજ ડેટાના દુરુપયોગ, વચેટિયાઓ અને સાયબર છેતરપિંડી જેવી પ્રવૃત્તિઓ પર પણ અસરકારક નિયંત્રણ મેળવી શકાશે. નવી વ્યવસ્થા હેઠળ કૃષિ વિભાગ, તેની સાથે સંકળાયેલા બોર્ડ-નિગમો તેમજ કૃષિ યુનિવર્સિટીઓના તમામ ડેટાનું વૈજ્ઞાનિક વર્ગીકરણ કરવામાં આવશે. ડેટાને ઓપન, શેરેબલ, પ્રતિબંધિત, સંવેદનશીલ અને નેગેટિવ લિસ્ટ એમ પાંચ શ્રેણીમાં વહેંચવામાં આવશે. હવામાન, કૃષિ ટેકનિક અને બજારભાવ જેવી જાહેર ઉપયોગની માહિતી ખેડૂતોને સરળતાથી ઉપલબ્ધ કરાશે, જ્યારે વ્યક્તિગત, બેંકિંગ અને અન્ય ખાનગી માહિતીને સંવેદનશીલ શ્રેણીમાં રાખીને તેનું સંપૂર્ણ રક્ષણ કરવામાં આવશે.

## દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 534.90 મીમી વરસાદ, રાજ્યમાં સરેરાશ 223.88 મીમી

સુરત: રાજ્યમાં ચોમાસાની સ્થિતિ પર નજર કરીએ તો ૯ જુલાઈ સુધી રાજ્યમાં સરેરાશ ૨૨૩.૮૮ મીમી વરસાદ નોંધાયો છે, જે સિઝનના સરેરાશ વરસાદના ૨૪.૬૩ ટકા જેટલો છે. ઝોનવાર જોઈએ તો દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૫૩૪.૯૦ મીમી (૩૪.૬૯ ટકા) વરસાદ નોંધાયો છે, જ્યારે સૌરાષ્ટ્રમાં ૨૧૦.૪૪ મીમી (૨૭.૬૧ ટકા), મધ્ય-પૂર્વ ગુજરાતમાં ૧૪૧.૭૩ મીમી (૧૭.૩૧ ટકા) અને ઉત્તર ગુજરાતમાં ૧૦૨.૯૩ મીમી (૧૪.૦૯ ટકા) વરસાદ નોંધાયો છે. જિલ્લાવાર વરસાદમાં સુરત (૪૩.૯૭ ટકા), અમરેલી (૪૩.૭૬ ટકા), નવસારી (૪૨.૭૩ ટકા), ડાંગ (૩૭.૩૩ ટકા) અને વલસાડ (૩૨.૫૧ ટકા) જિલ્લાઓ આગળ રહ્યા છે, જ્યારે કચ્છમાં અત્યાર સુધી માત્ર ૧.૯૨ ટકા અને દેવભૂમિ દ્વારકામાં ૦.૯૨ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યમાં વરસાદનું જોર ઘટતાં અનેક વિસ્તારોમાં ફરી ગરમી અને બફારાનો અનુભવ થયો હતો.

# સુરતના પરવટમાં ત્રણ માળનું એપાર્ટમેન્ટ અચાનક નમી ગયું

**50 લોકો** ફસાયા, બિલ્ડિંગ ખાલી કરાવાયું



સુરતઃ સુરતના પરવટ ગામમાં પટેલ ફળિયા પાછળ આવેલા ત્રણ માળના વીર દર્શન એપાર્ટમેન્ટમાં આજે એકાએક ભયનો માહોલ સર્જાયો હતો. વહેલી સવારે એપાર્ટમેન્ટનો પાછળનો ભાગ અચાનક જમીન તરફ થોડો નમી ગયો હોવાનું ત્યાંના રહીશોના ધ્યાને આવ્યું હતું. બિલ્ડિંગ નમવાની સાથે જ તેમાં રહેતા 40થી 50 જેટલા લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો અને લોકો પોતાના પરિવારો સાથે સુરક્ષિત બહાર નીકળવા માટે દોડાદોડી કરવા લાગ્યા હતા.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, એપાર્ટમેન્ટ નમવાની સાથે જ બિલ્ડિંગની મજબૂતાઈ પર સવાલો ઊભા થયા હતા. એપાર્ટમેન્ટની કેટલીક મુખ્ય દીવાલોમાં મોટી-મોટી તિરાડો પડી ગઈ હતી. આટલું જ નહીં, બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી દુકાનોના શટરની આસપાસના ભાગમાં પણ મોટા ગાબડાં પડવા લાગ્યા હતા, જેને જોતા બિલ્ડિંગ ગમે ત્યારે ધરાશાયી થઈ શકે તેવો ભય મજબૂત બન્યો હતો. ફાયર બ્રિગેડે અલગ-અલગ માળ પર હાજર તમામ 40થી 50 વ્યક્તિઓને સુરક્ષિત રીતે નીચે ઉતારી લીધા હતા

# રાજકોટમાં બંગલામાં ઘૂસી કાકા-ભત્રીજા પર 4 રાઉન્ડ ફાયરિંગ

**ભત્રીજાનું** ઘટના સ્થળે જ મોત

**રેસ** કરતાં છોકરાઓને રોકવામાં આવતાં મામલો બીચક્યો



રાજકોટમાં કાકા-ભત્રીજા પર 4 રાઉન્ડ ફાયરિંગ, CCTV:બુલેટ રેસ કરતા ટોકતા મોટા ભાઈને બોલાવ્યો, જાણ કરતા પિતાએ આવી ફાયરિંગ કર્યું; ભત્રીજાનું ઘટનાસ્થળે જ મોત

સુરત : રાજકોટમાં બુધવારે(8 જુલાઈ) ફાયરિંગની સનસનાટીભરી ઘટના સામે આવી છે. શહેરના નાનામવા રોડ પર આવેલા મોકાજી સર્કલ પાસે બુલેટ રેસ કરતા યુવકોને કૃષ્ણદીપસિંહ નામના યુવકે ટોક્યા હતા. તે સમયે તેમના કાકા પણ ત્યાં પહોંચ્યા હતા. આ બાબતે માથાકૂટ થતાં એક છોકરાએ મોટાભાઈને બોલાવ્યો, બાદમાં વધુ બબાલ થતાં મોટાભાઈએ પિતાને બોલાવ્યા. રણજીત વાળા નામના શખસે ઘટનાસ્થળે પહોંચતા જ 4 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જેમાં ભત્રીજા કૃષ્ણદીપસિંહનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે તેમના કાકા ગંભીર રીતે ઘાયલ થતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદી કુલદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, તેઓ 9 વાગ્યાના અરસામાં જમીને અમારી શેરીમા વોકીંગ કરવા નિકળ્યો હતો, ત્યારે આશરે 9:30 વાગ્યા દરમિયાન શેરીમા મારા માસીના દીકરા કૃષ્ણસિંહ હરદેવસિંહ જાડેજા સાથે ત્રણ છોકરા બોલાચાલી કરતાં હતાં. તેઓ બેફામ બુલેટ ચલાવતા હોવાથી તેમને ટોકવામાં આવતા મામલો બીચક્યો હતો. દરમિયાન ત્રણમાંથી અક છોકરો બેફામ ગાળ બોલતો હોવાથી કૃષ્ણસિંહ જાડેજાએ તેને તમાચો મારી દીધો હતો. જે બાદ તેમનો ભાઈ આવ્યો હતો તેણે ગાળાગાળી કરતાં તેને પણ કૃષ્ણસિંહે બે ત્રણ લાફા મારી દીધા હતાં અને ત્યાર બાદ કાકા-ભત્રીજા ઘરે ચાલ્યા ગયા હતાં. તો બીજી તરફ સામાપક્ષના છોકરાઓએ તેમના પપ્પાને બોલાવી લીધા હતાં. કાકા ભત્રીજા ઘરમાં હિંચકા પર બેઠા હતા ત્યારે તે છોકરાઓના પપ્પા બંદૂક લઈને બંગલામાં ધસી આવ્યા હતા અને ચાર રાઉન્ડ ફાયરિંગ કરી દીધું હતું.

## લસકાણાના બળાત્કાર કેસના આરોપીને જામીન

સુરતઃ બળાત્કાળના કેસમાં આરોપી કાળુ વઘાસીયાના જામીન સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા. લસકાણા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૩૫૧(૨), ૩૫૨ અને ૧૧૫(૨) હેઠળ નોંધાયેલા ગુનામાં આરોપી કાળુભાઈ ચતુરભાઈ વઘાસીયાની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ જામીન પર છૂટવા માટે સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. અરજદાર આરોપી તરફે વકીલ કલ્પેશ એસ. દેસાઈ તથા નિસર્ગ બી. દેસાઈ દ્વારા ભોગ બનનાર ઉપર કોઈ બળ પ્રયોગ કે દબાણ કરવામાં આવ્યું નથી. ફરીયાદી પુખ્ત વયના અને શિક્ષિત છે, ફરીયાદમાં આશરે બે વર્ષનો વિલંબ થયો હોવા છતાં તેનો સંતોષકારક ખુલાસો કરવામાં આવ્યો નથી, સહિતની દલીલ કરવામાં આવી હતી. બચાવપક્ષની રજૂઆત અને તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપીને જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો હતો.

## સુડોકુ ૭૨૯૭ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૨ | | ૯ | ૩ | ૪ | ૫ | ૧ |
| | | | | | | | ૯ | ૬ |
| ૭ | ૪ | | ૬ | | | ૨ | ૩ | |
| | ૫ | ૮ | | ૭ | ૪ | | | |
| ૨ | ૯ | | ૧ | ૩ | ૮ | ૫ | | ૪ |
| | ૩ | ૪ | ૯ | ૫ | ૬ | ૮ | | ૨ |
| | | | ૩ | ૬ | | ૧ | | |
| | ૮ | ૬ | ૫ | | ૧ | | ૪ | |
| | ૭ | ૧ | | | | ૬ | ૨ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### દમ, શ્વાસ

બાળપણની યાદો ગામડાં સાથે જોડાયેલી છે. આદિવાસી ડોશીમા નામે હિદરી, જેને હું આયા અર્થાત્ મા કહેતો, આખો દિવસ મારી કાળજી રાખતી. એની સવાર દમથી પીડિત રહેતી. ત્યારે આતશ પર અરડૂસીના સૂકા પાંદડા નાખી કરેલો ધુમાડો એને આરામ આપતો. હજી પોણા સદી પહેલાંની આ વાત છે.

## શબ્દગુંફન - ૭૨૩૯

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. શિવપાર્વતીનાં મોટા પુત્ર (૪)
૪. અવાજ, ઘોષ (૨)
૬. પચેલું (૩)
૮. ખામી (૨)
૯. રાજેશ ખન્નાની એક ફિલ્મ (૪)
૧૧. દબાવવું, પીડવું (૩)
૧૨. હોડી, વહાણ (૨)
૧૩. બાદ કરેલું, નકામું (૨)
૧૪. તાજી તાડી (૨)
૧૫. આચાર વગેરે ગુણવાળું (૩)
૧૬. બુદ્ધિ, અક્કલ (૨)
૧૭. "ચેતતો ___ સદા સુખી" (૨)
૧૮. નુકસાન (૨)
૧૯. વિક્રમ સંવતનો એક મહિનો (૨)
૨૧. પતિ (૨)
૨૪. રમવું તે, પતિ (૩)
૨૫. શબ્દ, બોલ (૩)
૨૭. ઉગ્ર, આકરું (૩)
૨૭. ખુશ, પ્રસન્ન (૪)
૩૦. આકરી પરીક્ષા (૨)
૩૧. શોધ, તપાસ (૨)

**ઊભી ચાવી**

૧. સમજાય તેવું (૨)
૨. મુકામ, છાવણી (૩)
૩. પાણીનો કુંડ (૨)
૫. પીડીને વશ કરવાની નીતિ (૫)
૬. શંકર, દરેક (૨)
૭. સહાય (૩)
૯. ટાણું, પ્રસંગ (૪)
૧૦. તારનાર, ઉદ્ધારક (૫)
૧૩. સહેજ, ધૂળ (૨)
૧૬. મોટું (૩)
૧૭. જાદુથી લોકોની આંખને ભુલાવામાં નાખવી તે (૫)
૨૦. આદમી (૨)
૨૧. વેપાર (૩)
૨૨. બાણ (૨)
૨૩. નકામું, હલકું (૪)
૨૫. સીમા, મર્યાદા (૨)
૨૬. કર્તવ્ય (૩)
૨૮. વેલ (૨)



## આજનું પંચાંગ

**તા. 10/07/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** વદ:દસમ : 8.17 પછી એકાદશીનો ક્ષય છે.
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 19
**યોગ :** ધૃતિ **કરણ:** બવ
**નક્ષત્ર :** ભરણી : 13:16
**રાશિ :** મેષ (અ.લ.ઇ.) **દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:05 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
**નવકારસી :** 06:53
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 30મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 24મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુકાળ: સવારે : 10:30 થી 12:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** મન અતિ ક્રિયાશીલ રહે. વાહન ચલાવવામાં સાવધાની રાખવી પડશે. જોખમી કામ કરવાનું ટાળવું.

**વૃષભ (બ,વ,ઉ,):** સખત દોડધામ રહેશે. કામમાં વિલંબ થાય. આર્થિક ભીંસ વધશે. પરિવારમાં અશાંતિ રહે.

**મિથુન (ક,છ,ઘ,):** વધુ પડતા આત્મવિશ્વાસ પર કાબૂ રાખવો. સંતાન જીવન સાથીની સમસ્યા સતાવે. આવક વધારવાની યોજના બને.

**કર્ક (ડ,હ,):** નોકરીમાં નવી તક ઊભી થાય. ધંધામાં નવા સોદા પાર પડે. ઓફિસ-મકાન ખરીદવાની યોજના બને.

**સિંહ (મ,ટ,):** પિતાનો સાથ મળે. પિતા સાથે ઘર્ષણ થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. આવક વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** આરોગ્યની સમસ્યા સતાવે. સરકારી યોજનાનો લાભ મળે. કોર્ટ-કચેરીમાં સાવધાન રહેવું.

**તુલા (ર,ત,):** જીવન સાથીના કામમાં પ્રગતિ થાય. આવક વધે. સરકારી કામમાં મદદ મળે. આવક વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** હરીફાઇ યુક્ત પરીક્ષાથી સફળતા મળે. નોકરીમાં નવી તક ઊભી થાય. પોતાના આરોગ્યની ચિંતા સતાવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રેમ વિવાહની ઓફર આવી શકે છે. મિત્રો સાથે સામાજિક કામ થાય. અચાનક આરોગ્યની ચિંતા સતાવે.

**મકર (ખ,જ,):** ઘરમાં નવા ફેરફાર થાય. અવર-જવરથી અશાંતિ વધે. બહારના કામમાં મદદ મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** વહીવટી કુશળતાથી નવી તક મળે. પ્રમોશન થાય. અશાંતિ વધે. બહારના કામમાં મદદ મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઘરમાં ઉત્સાહ જેવુ વાતાવરણ રહે. નવા સામાજીક સંબંધો બંધાય. આવક વધારવાની તક મળે.

## કોઈ પણ સાલમાં 10 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. વેપાર-ધંધામાં નવી તક ઊભી થાય. આવક વધે. ઉઘરાણી આવે. રોકાણ થાય. નોકરીમાં ટેકનોલોજીનો લાભ મળે. નવુ શીખવા મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં માન વધે. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહની વાતમાં મદદ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. નોકરી-ધંધા વગેરેમાં હરીફો સતાવશે. સંતાનોના કામમાં વડીલો મિત્રોની મદદ ળમે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડે. વધારાની આવકની યોજનામા ચડતી પડતી રહે. વારસા, જાયદાત, જમીન જેવા કામમા ગતિ આવે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. જુલાઇ-ઓગસ્ટ, રવિ-સોમવાર 1,10,28 તારીખે નવા કામ કરવા. સોનેરી રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર-ડિસેમ્બર, શુક્ર-શનિવાર 7,16,25 તારીખે નવા કામ ટાળવા. સ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્ય દેવની ઉપાસના કરતા રહેવું.